# મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957

પરંપરા પરિવર્તન ૨૦૦ વર્ષ પ્રગતિ

મુંબઈ અને અમદાવાદથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ Volume 64 ■ પુસ્તકઃ ૨૦૦ ■ અંકઃ ૨૮૫ ■ કાર્તિક વદ - ૩૦

■ વિક્રમ સંવત ૨૦૭૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 4 December 2021, Saturday ■ REGD.No. MCS/058/2021-23

શનિવાર, ૪ ડિસેમ્બર, ૨૦૨૧ (૧૨ પાનાં) કિંમત ₹ ૧૦.૦૦



મુંબઈ સમાચાર વીકએન્ડ ૫ ૬ ૭



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ૪૦ વર્ષથી વધુ વયનાઓએ બૂસ્ટર ડોઝ લેવો હિતાવહ


**magic mirror**

Bridal Lehenga | Art Jewellery

Shifted At:

Corner of Khar Subway, S.V. Road

Santacruz(W)-Mumbai-400054

+91-7045536337


નવી દિલ્હીઃ ૪૦ વર્ષથી વધુ વય ધરાવનારાઓને 'બૂસ્ટર ડોઝ' આપવા અંગે વિચારણા થઈ શકે છે તેવું ભારતના ટોચના જિનોમ વૈજ્ઞાનિકોએ શુક્રવારે કહ્યું હતું.

ઈન્ડિયન એસએઆરએસ - સીઓવી-ટૂ જિનોમિક્સ સિકવેન્સિંગ કન્સોર્ટિયમ (આઈએનએસએસીઓજી)એ એક નિવેદનમાં કહ્યું કે 'સૌથી વધુ જોખમ ધરાવતા લોકોને, ૪૦ વર્ષથી વધુ વય ધરાવતા લોકોને બૂસ્ટર ડોઝ આપવા વિચારી શકાય છે.

જોખમી શ્રેણીમાં ગણાતા અને જેમનું વૅક્સિનેશન થયું ન હોય તેમનું વૅક્સિનેશન કરવું જરૂરી છે.'

કોવિડ-૧૯ના જિનોમિક વેરિયેશન (પ્રકાર)ની જાણકારી મેળવવા માટે સરકારે સ્થાપેલા ટેસ્ટિંગ લેબોરેટરીઝના નેટવર્કને આઈએનએસએસીઓજી કહેવામાં આવે છે.

કોરોના મહામારી અંગે લોકસભામાં ચર્ચા થઈ


(જુઓ પાનું ૨) ▸▸


# ઓમાઈક્રોન મુદ્દે સરકાર કાર્યરત

નવી દિલ્હીઃ ઓમાઈક્રોન વૅરિયન્ટ અંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે શુક્રવારે મહત્ત્વની જાણકારી આપી હતી. કેટલાક કિસ્સાઓમાં હાલની વૅક્સિનોની અસર ડેલ્ટા વૅરિયન્ટની સરખામણીમાં ઘટી શકે છે, પણ વૅક્સિન અસરકારક નથી તેવું દર્શાવતા કોઈ પુરાવાઓ નથી.આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ લોકસભામાં જણાવ્યું હતું કે, જોખમી દેશોમાંથી આવેલા ૧૬,૦૦૦ પ્રવાસીઓ પર આરટી-પીસીઆર ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો જેમાંથી ૧૮ કોવિડ-૧૯ માટે પોઝિટિવ જણાયા છે.

લોકસભામાં કોવિડ-૧૯ મહામારી માટે ૧૧ કલાક ચાલેલી ચર્ચાનો જવાબ આપતા માંડવિયાએ કહ્યું કે, પોઝિટિવ પ્રવાસીઓના સ્વેબ સેમ્પલ - જિનોમ સ્કિવન્સિંગ માટે મોકલવામાં આવ્યા છે.

આરોગ્ય મંત્રાલયે બહાર પાડેલા 'ફ્રિકવન્ટલી આસ્કડ ક્વેશ્ચન્સ' (એફએક્યૂ - વારંવાર પૂછાતા પ્રશ્નો)માં માર્ગદર્શન આપ્યું છે. ભારતમાં ડેલ્ટા વૅરિયન્ટના વધુ કિસ્સાઓ હતા. આથી દર્દીઓની


(જુઓ પાનું ૨) ▸▸

મહારાષ્ટ્ર રાજ્યમાં ૨૮ શંકાસ્પદ કેસ ૧૨


# ૧૨ થી ૧૭ વર્ષના કિશોરોના વૅક્સિનેશન માટે વિચારણાઃ સરકાર

નવી દિલ્હીઃ ૧૨ થી ૧૭ વર્ષની વય વચ્ચેના બાળકોના વૅક્સિનેશન સંબંધી વૈજ્ઞાનિક પુરાવાઓ પર નિષ્ણાતો વિચાર કરી રહ્યા છે તેવું રાજ્યકક્ષાના કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ભારતી પવારે શુક્રવારે કહ્યું હતું.

બાળકો અને કિશોરના ઉપયોગ માટે કોવિડ વૅક્સિનની આયાત કરવા અંગેની હાલમાં કોઈ દરખાસ્ત નથી તેવું પ્રધાને કહ્યું હતું.કોવિડ-૧૯ વૅક્સિનની આયાત અંગેનો નિર્ણય લેવા ધ નેશનલ એક્સપર્ટ ગ્રુપ ઓન વૅક્સિન એડમિનિસ્ટ્રેશન (એમઈજીવીએસી) અને ધ નેશનલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશન (એનટીએજીઆઈ)ને સોંપવામાં આવ્યું છે.

રજિસ્ટ્રાર જનરલ ઑફ ઈન્ડિયા (આરજીઆઈ)ના અંદાજ પ્રમાણે ૧૨-૧૭ વર્ષ વચ્ચેના ૧૪,૫૨,૧૪,૦૦૦ બાળકો છે. ■

# ઑક્સિજનની અછત પર રાજકારણ બંધ કરોઃ માંડવિયા

નવી દિલ્હીઃ કોરોનાની બીજી લહેર દરમિયાન સર્જાયેલી ઑક્સિજનની અછત પર રાજકારણ ન કરવાનું અને માગને પહોંચી વળવા ઑક્સિજનનું ઉત્પાદન વધારવાના સરકારે કરેલા પ્રયાસોને ધ્યાન પર લેવા કેન્દ્રના આરોગ્ય ખાતાના પ્રધાન મનસુખ માંડવિયાએ શુક્રવારે વિપક્ષને જણાવ્યું હતું.

શૂન્યકાળ દરમિયાન લોકસભાને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે કોરોનાની બીજી લહેર દરમિયાન ઑક્સિજન ઉપલબ્ધ કરાવવા અને માગને પહોંચી વળવા તેનું ઉત્પાદન વધારવા સરકારે બનતા તમામ પ્રયાસ કર્યા હતા

ખેદજનક બાબત તો એ છે કે એવી પરિસ્થિતિમાં પણ અમુક લોકો રાજકારણ કરતા ખચકાયા ન હતા. અમારા પ્રામાણિક પ્રયાસની નોંધ લેવાની હું તમામ લોકોને વિનંતી કરું છું.

આ રાજકારણનો વિષય નથી એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે


(જુઓ પાનું ૨) ▸▸


# વાવાઝોડું 'જાવાદ' પાંચમીએ જગન્નાથપુરી ઉપર ત્રાટકશે

નવી દિલ્હીઃ બંગાળના અખાતમાં દબાણનો ભારે પટ્ટો વાવાઝોડાં 'જાવાદ'માં પરિવર્તિત થયો છે અને પાંચમી ડિસેમ્બરે આ વાવાઝોડું પૂરી પર ત્રાટકે એવી શક્યતા હોવાનું હવામાન ખાતાએ શુક્રવારે કહ્યું હતું.

આ વાવાઝોડું શનિવાર સવાર સુધીમાં ઉત્તર આંધ્ર પ્રદેશ અને ઓડિશાના કિનારા વિસ્તારમાં પહોંચે તેવી શક્યતા હોવાનું ભારતીય હવામાન ખાતાના ડિરેક્ટર જનરલ મૃત્યંજય મોહાપાત્રાએ કહ્યું હતું.

ત્યાર બાદ આ વાવાઝોડું ઓડિશા અને પાસેના આંધ્ર પ્રદેશ તરફ આગળ વધશે અને પાંચમી ડિસેમ્બરે


(જુઓ પાનું ૨) ▸▸


# ભારતથી ચીન ડર્યું?: શ્રીલંકામાંનો વીજ પ્રકલ્પ રદ

કોલંબોઃ ભારતે ચીન દ્વારા શ્રીલંકાના ત્રણ ટાપુ ખાતે હાથ ધરવામાં આવનારા અક્ષયઊર્જા પ્રકલ્પ અંગે ચિંતા વ્યક્ત કરતા બીજિંગે આ પ્રૉજેક્ટ સસ્પેન્ડ કર્યો હતો.

પ્રૉજેક્ટ સસ્પેન્ડ કરવાના કારણમાં 'ત્રીજા પક્ષ' દ્વારા વ્યક્ત કરાયેલી ચિંતા હોવાનું કહેવાયું હતું.

સમાચારની એક વૅબસાઇટના અહેવાલ મુજબ ચીનની કંપની 'સાઇનો સૉલર હાઇબ્રિડ ટેક્નૉલૉજી સિસ્ટમ'ને શ્રીલંકાના જાફ્ફનાની પાસેના ત્રણ ટાપુ ડેલ્ફટ, નાગદીપ અને અનલથિવુ ખાતે અક્ષયઊર્જાના


(જુઓ પાનું ૨) ▸▸


# હવાનું પ્રદૂષણ ઘટાડવા આદેશનું કડક પાલન કરોઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર, દિલ્હી અને નેશનલ કેપિટલ રિજિયનમાંના રાજ્યો (હરિયાણા, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન)ને હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે રચાયેલી સમિતિના આદેશનો ચુસ્ત અમલ કરવા શુક્રવારે હુકમ કર્યો હતો.

તેણે જણાવ્યું હતું કે અહીંની શાળાઓ (હવાના વધેલા પ્રદૂષણને લીધે) બંધ કરાવવાનું જાહેર કર્યું ત્યારે અમુક પ્રસારમાધ્યમે અમને 'ખલનાયક' કહ્યા, પરંતુ આ નિર્ણય દિલ્હી સરકારે જાતે લીધો હતો .

દેશના મુખ્ય ન્યાયાધીશ એન. વી. રમણના નેતૃત્વ હેઠળની ખાસ બૅન્ચે નેશનલ કેપિટલ રિજિયનમાંના રાજ્યોમાંના હવાના પ્રદૂષણને ઘટાડવાના પગલાં લેવા માટે રચાયેલા પંચના અહેવાલની નોંધ લીધી હતી અને કેન્દ્ર, દિલ્હી અને એનસીઆરમાં રાજ્યોને પંચના આદેશનો


(જુઓ પાનું ૨) ▸▸


# ત્રણ મહિનાથી પગાર નથી ચૂકવાયોઃ સર્બિયામાંની પાક એલચી કચેરીનો દાવો

## એલચી કચેરીના સોશિયલ મીડિયા અકાઉન્ટ્સ હૅક થયા હોવાનો પાકિસ્તાનનો દાવો

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનની સર્બિયામાંની એલચી કચેરીએ વિક્રમજનક મોંઘવારી અને છેલ્લાં ત્રણ મહિનાથી પગારની ચુકવણી નહિ કરાઇ હોવાના મામલે સત્તાવાર ટ્વિટર હૅન્ડલ પર ઇમરાન ખાન સરકારની આકરી ટીકા કરી હતી. તેના થોડા કલાકમાં જ પાકિસ્તાને


(જુઓ પાનું ૨) ▸▸



**લગ્નસંબંધી "તેજસ્વિની"**

સ્માર્ટ, દેખાવડી, 1988 બોર્ન, 5'2", મુંબઈસ્થિત વૈષ્ણવ વણિક સાધનસંપન્ન બીઝનેસ ઓરીએન્ટેડ પરિવારની ડૉક્ટર કન્યા માટે કોઈ પણ ક્ષેત્રમાં ઉચ્ચ શિક્ષણ ધરાવતા (like B.E./C.A./M.B.A./L.L.B./Doctor) સંસ્કારી સુખી ગુજરાતી કુટુંબના મુંબઈસ્થિત ઉમેદવારોના બાયોડાટા આવકાર્ય છે. પાર્ટીનો ડાયરેક્ટ કોન્ટેક્ટ: +919920998835, sctjst@gmail.com

**ફાલ્ગુની મહેતા** (દહેજ નહીં)

૧૨, જમનાબાઈ બીલ્ડીંગ, ઉમરપાર્ક, વોર્ડન રોડ, મુંબઈ-૩૬. ફોન : 23674093 / 23619076

Website : www.falgunimehta.com & Email : falgunimehtas@gmail.com






સોઢાબંધુ સંચાલિત "અંજળ અને અવસર"ના સહ-સંચાલક જયેન્દ્ર સોઢાનું નવું સોપાન



# પ્રી-મેરેજ કાઉન્સેલિંગ

અતિ વિશ્વસનીય અને નિઃશુલ્ક લગ્ન-માર્ગદર્શન કેન્દ્ર "અંજળ અને અવસર"ના સહ-સંચાલક જયેન્દ્રભાઈ સોઢા હવે ક્ષિતિજ વિસ્તારીને પ્રી-મેરેજ કાઉન્સેલર તરીકે લગ્નોત્સુક ઉમેદવાર તથા તેમના માતા-પિતાને પેઈડ સેવાને અંતર્ગત કાઉન્સેલિંગ અર્થાત્ માર્ગદર્શન પ્રદાન કરશે.

લેખકઃ પ્રકાશ શાહ

પ્રસન્ન અને સુખી દાંપત્યજીવનમાં સૌથી અગત્યનું પરિબળ છે સુયોગ્ય, સમજદાર અને પરીપક્વ સાથી. યોગ્ય જીવનસાથી શોધવામાં જરૂર છે કાબેલ માર્ગદર્શકની. અંજળ અને અવસરના સહ-સંચાલક જયેન્દ્ર સોઢા જેઓ બે દાયકા અર્થાત્ વીસ વર્ષના અનુભવી છે. તેમણે આ લગ્નવિષયક કાર્યપ્રણાલીની ક્ષિતિજ વિસ્તારીને પ્રી-મેરેજ કાઉન્સેલરની પેઈડ સેવાનો પ્રારંભ સાંતાક્રુઝ ખાતે કરેલ છે.

જયેન્દ્રભાઈ સોઢાના મતાનુસાર લગ્નોત્સુક ઉમેદવારોને સૌથી મૂંઝવતા પ્રશ્નોમાં સૌ પ્રથમ તો લગ્ન શા માટે કરવા જોઈએ? પસંદગીનું ધોરણ કેવું હોવું જોઈએ? ક્યાં અને કેટલી બાંધછોડ કરવી જોઈએ? નો મુખ્ય સમાવેશ થાય છે અને તેમના માતા-પિતાને પણ ઘણા પ્રશ્નો મૂંઝવતા હોય છે. જેમાં મુખ્યત્વે જન્માક્ષર, અભ્યાસ, કારકિર્દી, આર્થિક સ્તર જેવા વિવિધ પાસાં કે પૂર્વશરતોનો સમાવેશ થાય છે.

આ બાબતની જરૂરિયાતને લક્ષમાં રાખીને કાઉન્સિલિંગની સેવા પ્રદાન કરવાનું જયેન્દ્રભાઈને સૂઝ્યું. આ અંતર્ગત ફક્ત ઉમેદવારને નહીં તેમના માતા-પિતાને પણ પ્રી-મેરેજ કાઉન્સિલિંગ પ્રદાન કરવામાં આવશે.વિશેષ પાત્રના શોખ, રૂચિ, સ્વભાવ, પસંદ-નાપસંદ જેવાં પાસાંને ધ્યાનમાં રાખીને કાબેલ-યોગ્ય પાત્ર પણ દાખવવામાં આવશે. સૌથી વિશેષ આ સેવા ઉમેદવારોને ફક્ત ચોક્કસ સમયમર્યાદા માટે નહીં, પરંતુ પરિણયના સૂત્રમાં જ્યાં સુધી બંધાય નહીં ત્યાં સુધી પ્રદાન કરવામાં આવશે.

પ્રી-મેરેજ કાઉન્સેલરની પેઇડ સેવાનો લાભ લેનાર ઇચ્છુકો એપોઈન્ટમેન્ટ માટે જયેન્દ્રભાઈ સોઢાનો સોમથી શનિવાર દરમિયાન બપોરના ૧૧ થી ૧ વચ્ચે ફોન નંબર 91373 95298 પર સંપર્ક સાધી શકે છે.

## જયેન્દ્રભાઈ સોઢાના ઘટમાં અને તર્જનીમાં બિરાજતા શ્રીનાથજી....

જયેન્દ્રભાઈ સોઢા વૈષ્ણવ સંપ્રદાયના ઇષ્ટદેવ લેખાતા શ્રીનાથજીબાવાના સ્વરૂપની નયનરમ્ય કલાકૃત્તિનું સર્જન કરવામાં એક્સપર્ટ છે. પ્રાથમિક તબક્કામાં શોખ અને ત્યાર બાદ પ્રોફેશનલ તરીકે શ્રીજીબાવાની કલાકૃતિ બનાવે છે. શ્રીનાથજીના સ્વરૂપની કલાકૃતિમાં તેઓ ફક્ત સ્વરોસકી ડાયમંડ તથા જાપાનીઝ મોતીનો જ ઉપયોગ કરે છે. શ્વેત રંગની કલાકૃતિને બનાવતા આશરે પાંચેક મહિનાનો સમય લાગે છે. ઘર કે મંદિરમાં બિરાજમાન કરવા કે સ્નેહી-સંબંધીઓને ભેટ આપવા માટે ઉત્તમોત્તમ છે. અલભ્ય દર્શાવતી કલાકૃતિ બનાવતી વખતે જયેન્દ્રભાઈ સોઢા મનોમન શ્રી કૃષ્ણ શરણઃ મમનો સતત મંત્રોચ્ચાર કરતા રહે છે. વધુમાં અંતઃકરણપર્વક શ્રીજીબાવા સાથે સંવાદ સાધતા સાધતા શ્રીજીને શણગાર અંગીકાર કરાવે છે.

ઈચ્છિત વ્યક્તિ જયેન્દ્રભાઈ સોઢાનો ફોન નંબર 91373 95298 પર સંપર્ક કરીને ન્યોચ્છાવર જાણીને ઓર્ડર નોંધાવી શકે છે.

સર્વ વૈષ્ણવને જય શ્રી કૃષ્ણ



શ્રીજી બાવા દિન દયાળુ ભક્ત તમારો જાણજો....

જયેન્દ્રભાઈ સોઢા નિર્મિત શ્રીનાથજીબાવાની નયનરમ્ય કલાકૃતિ

સમૃદ્ધ વર્ગના લગ્નોત્સુક ઉમેદવારને સ્વજન લેખીને તેમની સાથે આત્મીયતા કેળવીને, મધ્યસ્થી બનીને, યોગ્ય પથદર્શક બનવાની નેમ છે ગોરમહારાજની. સોઢા બંધુ અર્થાત્ અંબરીશભાઈ સોઢા તથા જયેન્દ્રભાઈ સોઢા દ્વારા સ્થાપિત ગોરમહારાજ પ્રીમિયમ પણ પેઈડ સેવા કાર્યરત છે.




પ્રીમિયમ પણ પેઈડ સર્વિસ

ઇચ્છુક વ્યક્તિ જયેન્દ્રભાઈ સોઢાનો સોમથી શનિવાર દરમિયાન બપોરના ૧૧ થી ૧ દરમિયાન ફોન નંબર 91373 95298 પર સંપર્ક સાધી શકે છે.

સોઢા પરિવાર દ્વારા સંચાલિત અંજળ અને અવસરની (નિઃશુલ્ક) સેવાની પ્રત્યક્ષ

## પુનઃ શરૂઆત...

તદ્દન નિઃશુલ્કપણે દર રવિવારે સવારે ૧૦ થી ૧ ચલાવવામાં આવતી અંજળ અને અવસરના સાંતાક્રુઝ પૂર્વ સ્થિત સ્કૂલ ખાતેના સેવા કેન્દ્રની પુનઃ શરૂઆત કોવિડ-૧૯ના નિયમોનુસાર થઈ ગઈ છે.

તેમના માટે સંપર્ક

સોમથી શનિ સવારે ૧૧ થી ૧ ■ જયેન્દ્રભાઈ સોઢા - 91373 95298

■ વિનોદભાઈ ભીમજીયાણી - 98333 25907 ■ આશાબેન પંચમતિયા - 99207 03327.

■ અશોકભાઈ ઠક્કર - 9869033993

સોઢાબંધુ ઉપરોક્ત લગ્ન વિષયક પ્રવૃત્તિ એક શોખ/આત્મ-આનંદ રૂપે ચલાવે છે. એના દ્વારા થતી આવક "અંજળ અને અવસર"ના કાર્યક્રમો તથા એને લગતા સામાજીક હેતુ માટે વાપરવામાં આવે છે.